# જાહેરાત

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફનીભરતી પસંદગી સમિતિ,**
**કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.**

---

**રાજ્યની સરકારી/બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની**

## ખાસભરતી ઝુંબેશ અંગેની જાહેરાત ક્રમાંક:૦૧થી ૦૪/૨૦૨૫

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-CRR-102017-122639-G-2, તારીખ:17/09/2021, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-BMS/11/2019/631243/G, તારીખ: 19/05/2023, WPIL 46-2023માં નામદાર વડી અદાલતના તારીખ:13/03/2024,તારીખ:02/08/2024 અને તારીખ:04/10/2024ના ઓરલ ઓર્ડર,તથા સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:-CRR-102017-122639-G-2(ભાગ.1), તારીખ:11/11/2024 અન્વયે દિવ્યાંગ અનામત ઘટ માટે ખાસ ભરતી ઝુંબેશ હાથ ધરેલ છે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત:**

નિયત લાયકાત ધરાવતા **ફક્ત દિવ્યાંગ ઉમેદવારો જ**તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીhttps://www.gserc.in/વેબસાઈટઉપર નિયત થયેલ ફી ઓનલાઈન ભરી અરજી કરી શકશે. અરજી કરતા પહેલાં આપેલ સૂચનાઓનો અભ્યાસ કરી લેવો. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.ફી ભર્યા બાદ ઉમેદવારે કરેલ અરજી કન્ફર્મ થયેલ ગણાશે. કન્ફર્મ થયેલ અરજીમાં ઉમેદવાર જો કોઈ સુધારો કરવા ઈચ્છે તો કરેલ અરજી Withdrawકરી નવી અરજી કરવાની રહેશે અને પુનઃ ફી ભરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં ફી ભરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશેનહિ.

**અંદાજિત ખાલી જગ્યાઓની વિગત:**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | દિવ્યાંગતાનો પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D & E | કુલ |
| ૧/૨૦૨૫ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા(શિક્ષણ સહાયક) | ૧૧ | ૧૯ | ૦૦ | ૧૮ | ૪૮ |
| ૨/૨૦૨૫ | બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળા(શિક્ષણ સહાયક) | ૧૬૨ | ૧૬૭ | ૧૨૮ | ૧૬૬ | ૬૨૩ |
| ૩/૨૦૨૫ | સરકારી માધ્યમિક શાળા(શિક્ષણ સહાયક) | ૨૩ | ૨૮ | ૦૦ | ૩૫ | ૮૬ |
| ૪/૨૦૨૫ | બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળા(શિક્ષણ સહાયક) | ૨૧૨ | ૨૧૮ | ૧૧૩ | ૨૧૬ | ૭૫૯ |
| કુલ | | ૪૦૮ | ૪૩૨ | ૨૪૧ | ૪૩૫ | ૧૫૧૬ |

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સૂચનાઓ https://www.gserc.in/વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. તેમજ ભરતી પ્રક્રિયા દરમ્યાન તમામ સૂચનાઓ અને વિગતો વખતો વખત વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવાર ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. બાદમાં આ અંગે ઉમેદવારની લેખિત કે મૌખિક કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી. ભરતી સંદર્ભના તમામ હક ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિને અનામત રહેશે.

Sd/-
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ
અને નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર

(માહિતી/૨૨૭૦/૨૦૨૪-૨૫)